# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-12-2025** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી,

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે

3) સંરક્ષણમંત્રી રાજનાથસિંહે ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર મિશનના સેન્ટર ઓફ એક્સીલેન્સનું ઉદઘાટન કરીને આદિવાસી મહિલાઓ ની આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિને બિરદાવી

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરશે.. નમોત્સવમા ઉપસ્થિત રહેશે

5) આજે ૬૮મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપમાં તિલોત્તમા સેને સુવર્ણ ચંદ્રક જીત્યો

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. PM-CHIEF SECRETARIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી હતી. તેઓ આવતીકાલે પરિષદની અધ્યક્ષતા પણ કરશે. શુક્રવારથી શરૂ થયેલી આ ત્રણ દિવસીય પરિષદનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય વિકાસ પ્રાથમિકતાઓ પર સતત સંવાદ દ્વારા કેન્દ્ર સરકાર અને રાજ્યો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે. એક અહેવાલ.

(બાઈટ – વિશાલ)

. . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . .

# RAJNATH SINGH - DHARMPUR

કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આજે ગુજરાતના **વલસાડ જિલ્લાના** ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર મિશનમાં મિશન આશ્રમમાં મહિલાઓ માટે સર્વમંગલ સેન્ટર ઓફ એક્સીલેન્સનું ઉ દ્ઘાટન કર્યું હતું . આ સંસ્થા દ્વારા આ સ્ત્રી સશક્તિકરણના ભાગરૂપે આ વિસ્તારની આદિવાસી મહિલાઓને આત્મનિર્ભર બનાવવાની નેમ સાથે મહિલાઓ માટેના આ સેન્ટર ઓફ એક્સલન્સ શરૂઆત કરવામાં આવી છે.

કરોડો રૂપિયાના ખર્ચે શરૂ કરવામાં આવેલા આ સેન્ટરો ઓફ એક્સલન્સમાં આ વિસ્તારની આદિ વાસી મહિલાઓને હેન્ડીક્રાફ્ટ , અગરબત્ત, કેન્ડલ, સહિત શુશોભનની ગૃહ ઉદ્યોગના ઉત્પાદનો અંગે તાલીમ આપી ઉત્પાદન કરવામાં આવશે. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા ચાલતી પ્રવૃત્તિઓની કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે મુલાકાત લઈ અહીં ચાલી રહેલા સેવાયજ્ઞની સ રાહના કરી હતી.

(બાઇટ - રાજનાથસિંહ, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી)

. . . . . .

# AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે તેમના ગુજરાતનાં પ્રવાસ દરમિયાન ઈન્ડિયન મેડિકલ એસોશિએશન દ્વારા આયોજિત IMA નેટકોન 2025માં ભાગ લેશે. બાદમાં AMC દ્વારા નિર્મિત ડ્રેનેજ પાઇપલાઇન અને એસજી હાઈ વેના પ્રથમ તબક્કાના પાઇલટ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે , ઉપરાંત નવા વણઝરના અસરગ્રસ્ત પરિવારને સનદ અર્પણ કરશે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત યુવા બિઝનેસ મહાસમેલન 2025 ના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે. ત્યારબાદ તેઓ મનિપુરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ નમોત્સવમાં ઉપસ્થિત રહેશે.

. . . . .

# CUSTOMS MEETING

કસ્ટમ્સ ક્લિયરન્સ કમિટીની આજે નવી દિલ્હીમાં બેઠક થઈ. આ મીટિંગનો ઉદ્દેશ્ય હિસ્સેદારોનો વિશ્વાસ મજબૂત કરવાનો હતો. આ મીટિંગની અધ્યક્ષતા દિલ્હી ઝોનના ચીફ કમિશનર ઓફ કસ્ટમ્સે કરી હતી. FSSAI, પ્લાન્ટ ક્વોરેન્ટાઇન અને ડ્રગ કંટ્રોલર સહિત વિવિધ સરકારી એજન્સીઓના પ્રતિનિધિઓ તેમજ વેપાર સંગઠનોએ બેઠકમાં હાજરી આપી હતી.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે મીટિંગમાં કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડની તાજેતરની નીતિ અને ડિજિટલ પહેલના તમામ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર , હિસ્સેદારોએ કાર્યકારી મુદ્દાઓ ઉઠાવ્યા હતા. બેઠક દરમિયાન , દિલ્હી કસ્ટમ્સ ઝોને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# JITENDRA- PRC WORKSHOP

કર્મચારી અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ સોમવારે પુણેમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને બેંક કર્મચારીઓ માટે 58મી પૂર્વ-નિવૃત્તિ સલાહકાર વર્કશોપ (PRC)નું ઉદ્ઘાટન કરશે. કર્મચારી , જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે જણાવ્યું હતું કે આ વર્કશોપ પેન્શનરોના જીવનને સરળ બનાવવા તરફ એક ક્રાંતિકારી પગલું છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે નિવૃત્તિ લાભો , ભવિશ્ય પોર્ટલ, સંકલિત પેન્શનરો પોર્ટલ અને ડિજિટલ જીવન પ્રમાણપત્ર પર વિવિધ સત્રો યોજવામાં આવશે. આ ઉપરાંત, પેન્શનર જાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવશે. પેન્શન વિતરણ કરતી બેંકો પણ આ વર્કશોપમાં સક્રિયપણે ભાગ લેશે.

. . . . . . .

# KERALA-SABARI MALA

કેરળના સબરીમાલા શ્રીધર્મ સંસ્થા મંદિરમાં આજે મંડલા પૂજા કરવામાં આવી હતી. આ મંડલા મહિનાની સૌથી મહત્વપૂર્ણ વિધિ છે. આજે રાત્રે ૧૧ વાગ્યે મંદિરના દરવાજા બંધ કરવાથી છેલ્લા ૪૧ દિવસથી ચાલી રહેલી મંડલા પૂજાનું સમાપન થશે.

(બાઈટ – આનંદ)

ઉપવાસ દરમિયાન, ભગવાન અયપ્પાને સોનાના વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતા અને મર્યાદિત સંખ્યામાં ભક્તોએ તેમના દર્શન કર્યા હતા.મકર વિલાક્કુ મહિના માટે મંદિર ૩૦ ડિસેમ્બરે સાંજે ૫ વાગ્યે ખુલશે.

. . . . . . . . .

# RARE EARTH MINERALS

ભારતમાં દરિયાકાંઠાના અને આંતરિક વિસ્તારોમાં દુર્લભ પૃથ્વી ખનિજોનો વિશાળ ભંડાર છે. આ ખનિજો આંધ્રપ્રદેશ , ઓડિશા, તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં દરિયાકાંઠાની દરિયાઈ રેતી , રેતીના ટેકરા અને કાંપવાળી જમીનમાં જોવા મળે છે. આ દુર્લભ પૃથ્વી ખનિજોના નિષ્કર્ષણને સરળ બનાવવા માટે , સરકારે સિન્ટર્ડ દુર્લભ પૃથ્વી કાયમી ચુંબકના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે 7 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી છે.

. . . . . . . . . . .

# ANTIRABIES VACCINE- IIL

ભારતની અગ્રણી રસી ઉત્પાદક કંપની , ઇન્ડિયન ઇમ્યુનોલોજિકલ લિમિટેડે , ઓસ્ટ્રેલિયન આરોગ્ય અધિકારીઓના દાવાઓને નકારી કાઢ્યા છે કે તે ભારતમાં તેની હડકવા વિરોધી રસી, અભયરાબના નકલી ડોઝ વેચી રહી છે.

ઓસ્ટ્રેલિયન ટેકનિકલ એડવાઇઝરી ગ્રુપ (ATA), જેણે દાવો કર્યો છે કે કંપની નવેમ્બર 2023 થી નકલી રસીઓ બહાર પાડી રહી છે , તેણે કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ વિપરીત છે. કંપનીએ સ્પષ્ટતા કરી કે દેશમાં ઉત્પાદિત રસીના દરેક ડોઝનું સેન્ટ્રલ ડ્રગ્સ લેબોરેટરી દ્વારા પરીક્ષણ કરવામાં આવે છે.

. . . . . . . .

# J&K-JKAACL

જમ્મુ અને કાશ્મીરમાં એકેડેમી ઓફ આર્ટ , કલ્ચર એન્ડ લેંગ્વેજીસ દ્વારા આવતીકાલે "દેશ કે રંગ , નૃત્ય કે સંગ " નામની એક જીવંત શાસ્ત્રીય અને લોક નૃત્ય સાંજનું આયોજન કરાશે . આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ , જેમાં ભરતનાટ્યમ, કથક, ઓડિસી, મણિપુરી અને જમ્મુ અને કાશ્મીરના લોકનૃત્ય રજૂ કરાશે.

. . . . . . . . .

# BANGLADESH-BLAST

બાંગ્લાદેશમાં, આજે કેરાનીગંજમાં એક મદરેસામાં થયેલા વિસ્ફોટમાં એક મહિલા અને બે બાળકો સહિત ચાર લોકો ઘાયલ થયા હતા , જેના કારણે પોલીસ એક મોટી કાર્યવાહીમાં લગભગ 250 કિલોગ્રામ બોમ્બ બનાવવાની સામગ્રી જપ્ત કરી હતી.

કેરાનીગંજ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ ઓફિસર સૈકુલ આલમે જણાવ્યું હતું કે , દરોડા દરમિયાન ક્રૂડ બોમ્બ , રસાયણો અને બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી હતી , આ તપાસ હજુ પણ ચાલુ છે. પૂછપરછ માટે બે મહિલાઓની અટકાયત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, વિસ્ફોટથી ઇમારતની છત અને બીમમાં તિરાડો પડી હતી , રૂમોને નુકસાન થયું હતું અને બાજુની ઇમારતને આંશિક રીતે અસર થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે , સાપ્તાહિક રજાને કારણે તે સમયે મદરેસાને બંધ રખાયો હતો, જેના કારણે વધુ જાનહાનિ ટળી હતી.

. . . . . . . . .

# NATIONAL SHOOTING CHAMPIONSHIP

આજે ૬૮મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપમાં મહિલાઓની ૫૦ મીટર રાઇફલ ત્રણ પોઝિશન ઇવેન્ટમાં તિલોત્તમા સેને સુવર્ણચંદ્રક જીત્યો. વિદર્શ કે. વિનોદે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે અયોનિકા પોલે કાશ્ય ચંદ્રક જીત્યો.

જુનિયર કેટેગરીમાં, ઋતુપર્ણા દેશમુખે સુવર્ણ ચંદ્રક, નિશ્ચલે રજત ચંદ્રક અને અનુષ્કા ઠોકરે બ્રોન્ઝ મેડલ જીત્યો.

. . . . . . .

# DEEPTI SHARMA

ભારતીય ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ તિરુવનંતપુરમમાં શ્રીલંકા સામેની ત્રીજી ટી20 દરમિયાન અનેક રેકોર્ડ તોડ્યા. 18 રનમાં 3 વિકેટ લઈને, તેણીએ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ એલિસ પેરીને પાછળ છોડી દીધી અને મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રીજા ક્રમની સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની , જેણે કુલ 333 વિકેટ લીધી.

. . . . . . .